આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- કૃપાલી મહેચ્છા

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારખ:-11-11-2024 સમય:-સાજે ૬.૨૫ કલાકે

---

# C.M ટેકાના ભાવે ખરીદી

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે હિંમતનગરથી વિવિધ પાકની ટેકાનાં ભાવે ખરીદીનો શુભારંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રીએ મગફળી, સોયાબીન, મગ સહિતના ખેતી પાકોની ટેકાના ભાવે ખરીદીનો મુખ્યમંત્રીએ મગફળી ફોલીને પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે કૃષિમંત્રી રાઘવજી પટેલ પણ હાજર રહ્યા હતા. રાજ્યભરમાં **160**થી વધુ ખરીદ કેન્દ્રો પર ટેકાના ભાવે મગફળીની ખરીદી કરાવામાં આવશે. વેચાણ માટે **3** લાખ **33** હજારથી વધુ ખેડૂતોએ ઓનલાઈન નોંધણી કરાવી છે. નોંધણી કરાવેલા તમામ ખેડૂતો પાસેથી **1** હજાર **356** રૂપિયા **60** પૈસા પ્રતિ મણના ભાવે પૂરતા પ્રમાણમાં મગફળીની ખરીદી કરવામાં આવશે.

અ પ્રસંગે સંબોધન કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું કે રાજ્ય સરકારે ખેડૂતોના હિતમાં અનેક નિર્ણયો લીધા છે.

RNU અમદાવાદ

---

## વડતાલ સ્વામી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, સમગ્ર વિશ્વ આજે ભારતના યુવાનોની ક્ષમતાથી આકર્ષિત છે. ગુજરાતના વડતાલમાં શ્રી સ્વામિનારાયણ મંદિરના દ્વિ-શતાબ્દી મહોત્સવને વર્ચ્યૂઅલ સંબોધતા શ્રી મોદીએ આમ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, 'આપણા યુવાનોની વૈશ્વિક માગ હજી વધવાની છે. વિકસિત ભારત માટે યુવાનોને મજબૂત બનાવવા જોઈએ અને કુશળ યુવાનો દેશની સૌથી મોટી શક્તિ બનશે.'

આ પ્રસંગને યાદગાર બનાવવા માટે સરકારે **200** રૂપિયાનો ચાંદીનો સિક્કો અને સ્મારક ટિકીટ બહાર પાડી તે અંગે શ્રી મોદીએ આનંદ વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું કે, '**200** વર્ષ પહેલાં ભગવાન સ્વામિનારાયણ દ્વારા સ્થાપિત વડતાલ ધામની આધ્યાત્મિક ચેતનાને લોકોએ જીવંત રાખી છે. આ પ્રસંગ લોકો માટે ભારતીય સંસ્કૃતિના શાશ્વત પ્રવાહનો પૂરાવો છે.

**RNU** અમદાવાદ

-----------------------------------------------------------------------

## ન્યાયમુર્તિ શપથગ્રહણ

ન્યાયમૂર્તિ સંજીવ ખન્નાએ આજે દેશના **51**મા મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે શપથ ગ્રહણ કર્યા છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રાષ્ટ્રપતિ ભવનમાં તેમને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા.

ન્યાયમૂર્તિ સંજીવ ખન્ના સેવાનિવૃત્ત ન્યાયમૂર્તિ ડી. વાય. ચંદ્રચુડના અનુગામી બન્યા છે. આ પ્રસંગે ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિત અનેક કેન્દ્રીય મંત્રીઓ અને સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશો ઉપસ્થિત રહ્યા હતા.

**RNU** અમદાવાદ

-----------------------------------------------------------------------

## વાવ બેઠક પેટાચૂંટણી

**ગુજરાત વિધાનસભાની બનાસકાંઠા જિલ્લાની વાવ બેઠકની પેટા ચૂંટણીનાં જાહેર પ્રચાર પર આજે સાંજથી પરદો પડી ગયો છે. બુધવાર 13મીએ  યોજાનાર પેટા ચૂંટણીમાં દસ ઉમેદવારો ભાગ્ય અજમાવી રહ્યા છે. ભાજપ અને કોંગ્રેસના ઉપરાંત આઠ અપક્ષ ઉમેદવારો છે.**

**ભાજપ સામે બળવો કરી અપક્ષ તરીકે ઊભા રહેલા માવજી પટેલને પક્ષે બરતરફ કરતાં આ જંગ ત્રિપાંખિયો બનશે એમ મનાય છે. ચૂંટણીની મત ગણતરી 23 મી નવેમ્બરએ થશે.**

**RNU અમદાવાદ**

---

## ધોરડો રણોત્સવ

સફેદ રણમાં ઉભી કરાયેલી ટેન્ટસીટી ખાતે ધોરડો રણોત્સવનો આજથી પ્રારંભ કરાયો હતો. પ્રવાસીઓ માટે વિવિધ સુવિધાઓથી સજ્જ ટેન્ટસીટી ખાતે ભારતીય તથા કચ્છી સંસ્કૃતિના વિવિધ આકર્ષણો ઉભા કરાયા છે.

ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે 7.42 લાખથી વધુ પ્રવાસીઓએ રણોત્સવની મુલાકાત લીધી હતી. આ વર્ષે પણ મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવવાની સંભાવનાના પગલે પરમીટ માટે ચાર નવી ટીકીટ બારી શરૂ કરાઈ છે. આ સાથે ભુજથી ધોરડો સુધી બસો દોડાવવાનું પણ આયોજન કરાયું છે.

**RNU અમદાવાદ**

---

## જિલ્લા સેવા સદન

જિલ્લા સેવા સદન કચેરીમાં કાર્યરત પ્રાંત અધિકારી અને ભુજ મામલતદારની કચેરી સ્થળાંતર કરવામાં આવ્યું છે. જિલ્લા ઉદ્યોગ કેન્દ્રથી મુંદરા રોડના રિલાયન્સ પેટ્રોલપંપ તરફ જતા માર્ગ પર નવા બનેલા ભવનમાં એટીવીટી, સમાજ સુરક્ષા, વિવિધ પ્રકારના દાખલાની કામગીરી શરૂ થઈ છે. કચેરીનું 4 ઓકટોબરના મુખ્યમંત્રીના હસ્તે ઈ-લોકાર્પણ કરાયું હતું.

**RNU અમદાવાદ**

---

## દેવ ઉઠી અગિયારસ

આવતીકાલે કારતક શુકલ એકાદશી છે. આ અગિયાસને દેવઉઠી એકાદશી તરીકે ઓળખવામાં આવે છે. આ એકાદશીના ચાર મહિના બાદ ભગવાન વિષ્ણુ નિંદ્રામાંથી જાગે છે. આ દિવસથી લગ્ન, યજ્ઞોપવિત, મુડન સંસ્કાર, સગાઈ, ગૃહપ્રવેશ વગેરે શુભકાર્યો ફરી શરૂ થશે.

**RNU અમદાવાદ**

---